દિવ્ય સમાચાર

3

મંગળવાર 11.06.2024

# અમૂલના ચેરમેન વાઈસ ચેરમેન દ્વારા ત્રણ દૂધ મંડળીઓમાં સોલાર પેનલનું લોકાર્પણ

તસ્વીર - સુરેશ ઠાકુર, આણંદ



આણંદ, તા.૧૦

અમુલ ડેરી આણંદ ના ચેરમેન વિપુલભાઈ પટેલ અને વાઈસ ચેરમેન કાંતિભાઈ સોઢા પરમાર દ્વારા આણંદ, ખેડા સહીત મહીસાગર જીલ્લાની ૧૨૦૦ જેટલી દૂધ મંડળીઓને સૌર ઉર્જાથી પ્રજવલિત કરી પર્યાવરણના જતનનું અનોખું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. તેની શરૂઆત પણ પુરજોશમાં કરી દેવામાં આવી છે. જે અંતર્ગત અમુલ ડેરી આણંદ ના ચેરમેન વિપુલભાઈ પટેલ તથા વાઈસ ચેરમેન કાન્તિભાઈ સોઢા પરમાર દ્વારા ખંભાત તાલુકાના નાના કલોદરા તથા ફિણાવ- દૂધ મંડળી અને પેટલાદ તાલુકાના પંડોળી દૂધ ઉત્પાદન સહ મંડળીઓ ખાતે સોલાર પેનલ થી સૌર ઊર્જાનો ઉપયોગ કરીને દૂધ મંડળીઓમાં શરૂ કરવા માટે સોલાર પેનલ નવી નાખીને મંડળીઓમાં રીબીન કાપી ને શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે અમુલ ના ડિરેક્ટર વિપુલભાઈ પટેલ રંગાઈપુરા પૂર્વ ડિરેક્ટર ચંદુભાઈ માધાભાઈ પરમાર સ્થાનિક પ્રવિણભાઈ પટેલ તથા દૂધ ઉત્પાદક સહ મંડળીઓના. ચેરમેન સેક્રેટરી અને કમિટી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.